# નાગરિક અધિકાર પત્ર

## ગુજરાત પોલીસ

## સુરત શહેર પોલીસ

આપણા નાગરિક તરીકેના અધિકારોથી સુમાહિતગાર થઇ આપણા પ્રશ્નો સ્વયંભૂ ઉકેલીએ અને બંધારણીય ફરજો અદા કરી આપણા હકકો ભોગવીએ.

સુરત શહેર પોલીસ તંત્રને પારદર્શક, લોકાભિમુખ, વધુ ઉત્તરદાયી, અસરકાર અને ''જવાબદાર નાગરિક – મિત્રતાપૂર્ણ સરકાર'' ના બહુલક્ષી ધ્યેયને સાકાર કરવાનાં પ્રયાસરૂપે, સુરત શહેર પોલીસ તરફથી આ નાગરિક ખરડો યાને નાગરિક અધિકાર પત્ર આમ જનતા જનાર્દનને ભાવથી અર્પણ.

આખા વિશ્વમાં લોકાધિકારોની ઉત્કૃષ્ટતાની દ્રષ્ટિએ આપણા ભારત દેશની લોકશાહી અતિ ઉત્તમ છે. અમેરિકાનાં ભૂતપૂર્વ પ્રમુખ શ્રી અબ્રાહિમ લિંકનનાં શબ્દોમાં ''**લોકશાહી એટલે લોકોનું, લોકો વડે અને લોકો માટેનું રાજયતંત્ર**'' એ રીતે રાજય વહીવટમાં સ્થાનીક લોકપ્રતિનિધત્વનાં આદર્શને આપણા ભારતનાં બંધારણના ઘડવૈયાઓએ અપનાવેલ છે. શુધ્ધ અને

જવાબદારીયુકત વહીવટીતંત્રમાં પ્રજાનો વિશ્વાસ અતિ આવશ્યક છે. લોકતંત્રમાં સામાન્ય પ્રજા, નાગરિકોનો વિશ્વાસ પ્રતિપાદિત કરવા, લોકોને સરકારનાં કામકાજ અંગેની માહિતી પ્રાપ્ત કરવાનો અધિકાર હોવો જોઇએ અને કેન્દ્ર સરકાર અને રાજય સરકારોનો એવો અભિગમ છે કે સરકારી કામકાજમાં બિનજરૂરી ગુપ્તતા ન હોવી જોઇએ. સરકારી તંત્રમાંથી લાંચરૂશ્વતની બદીને કડક હાથે દાબી દેવી જરૂરી છે, પરન્તુ તેમાં કાયદાનો દુરપયોગ ન થાય તે જોવું એટલુ જ જરૂરી છે. આ માટે વહીવટીતંત્રને પ્રત્યેક કક્ષાએ જવાબદારીપૂર્ણ, પારદર્શક અનુ લોકાભિમુખ બનાવવા કેન્દ્ર તથા રાજય સરકારો દ્વારા, આ દિશામાં કાર્યાન્વિત કરવાની યોજના ( એકશન પ્લાન) હેઠળ (૧) જવાબદારી નાગરિક- મિત્રતાપૂર્ણ સહકાર (૨) વહીવટમાં પારદર્શિતા તથા માહિતી પ્રાપ્ત કરવાનો લોકોનો અધિકાર, (૩) લોકસેવામાં સુધારણા અને પ્રમાણિકતાનાં બહુલક્ષી ધ્યેયને પહોંચી વળવા, નિર્ણય લેવામાં આવેલ છે.

સુરત શહેરની આશરે ૪૭ લાખની વસ્તી છે. આ જનસંખ્યાની સરખામણીએ સુરત શહેરમાં બિન હથિયારી અને હથિયારી પોલીસ દળમાં પોલીસ કોન્સ્ટેબલોથી અધિકારીઓનું આશરે ૫૬૦૫ જેટલું અલ્પ સંખ્યક મંજુર મહેકમ છે. પોલીસની હાજરી દરેક જગ્યાએ પહોંચી ન શકે તે નિર્વિવાદ છે, છતા પોલીસ સ્ટેશનમાં પેટ્રોલીંગની અસરકારક પધ્ધતિ અપનાવી, પોલીસ કામગીરીનું વિકેન્દ્રિકરણ કરી, પોલીસ સંપર્ક સઘન બનાવી પોલીસની હાજરીની અસર (ઇમ્પેકટ) (ઓમ્નીપ્રેઝન્ટ) સર્વવ્યાપી બનાવવાનો અભિગમ કાર્યરત છે.

સુરત શહેરનાં નાગરિકો, સ્વૈચ્છિક સંસ્થાઓ તથા પ્રજાજનોનાં ચુંટાયેલા પ્રતિનિધિઓનાં સંયુકત સહકારની અપેક્ષાએ આ અધિકાર પત્ર પ્રસ્તૃત કરવાની સુરત પોલીસતંત્ર વતી રજા લઉં છું

**પોલીસ કમિશ્નર,**
**સુરત શહેર**

**સુરત શહેરના નાગરિકો જોગ:**

૧. પોલીસ કમિશ્નરને કોઇપણ વ્યકિત કામકાજના દિવસે **કલાક ૧૨:૦૦ થી ૦૧:૩૦ વાગ્યા** સુધી અગાઉથી સમય મેળવ્યા વિના મળી શકે છે.

૨. એવી જ રીતે અધિક પોલીસ કમિશ્નરશ્રી રેન્જ-૧ અને રેન્જ-૨ તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી ટ્રાફિક અને ક્રાઇમનાઓને કચેરી કામકાજના દિવસે કલાક ૧૧:૦૦ વાગ્યા ૧૨:૩૦ વાગ્યા સુધી મળી શકશે.

૩. સુરત શહેરમાં ૫ નાયબ પોલીસ કમિશ્નર કક્ષાના અધિકારીઓ છે જે પૈકી નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૨, ઝોન-૩, ઝોન-૪, પોલીસ કમિશ્નરશ્રીની કચેરી ખાતે આવેલ છે. જયારે નાયબ પોલીસ કમિશ્નર : ઝોન-૧, ની કચેરી વરાછા પો.સ્ટે.ના પહેલા માળે આવેલ છે. સુરત શહેરનાં નાગરિકો અને અધિકારીઓને કચેરી કામકાજના દિવસે કલાક ૧૦:૦૦ થી ૧૧:૩૦ દરમ્યાન મળી શકે છે.

૪. જે નાગરિકો તેમની ફરીયાદ ઉપર પોલીસે કરેલી કાર્યવાહીની જાણકારી પ્રાપ્ત કરવા માંગતા હોય તો કોઇ અન્ય વિષય ઉપર મ.પો.કમિશ્નર અને પો.ઇન્સ.નાઓનો સંપર્ક સાધવા માંગતા હોય તો તેઓ દર શનિવારે સવારે કલાક ૦૯:૦૦ થી ૧૧:૦૦ દરમ્યાન આ અધિકારીઓને તેમની કચેરીમાં મળી શકશે.

૫. અન્ય મુલ્કી સેવાઓના જાહેર સેવકોની અપેક્ષાઓ દરેક પોલીસ અમલદાર ૨૪ કલાક ફરજ ઉપર મુંબઇ પોલીસ અધિનિયમ કલમ ૧૨૮ મુજબ રહેવા બંધાયેલ છે. જેથી એમ કહી શકાય કે, પોલીસ આપની સેવામાં રાત દિવસ કાર્યરત છે.

૬. તમામ પો.સ્ટે. પ્રજાજનો માટે ૨૪ કલાક માટે ખુલ્લા રહે છે. પોલીસ સ્ટેશનોના પોલીસ ઇન્સ્પેકટરશ્રીઓ દરેક ચોકીનાં પોલીસ સબ ઇન્સ્પેકટરશ્રીઓએ અધિકારીઓની દેખરેખ રાખનાર દરેક વરિષ્ઠ અધિકારીઓની દરેક પ્રજાજનને મુલાકાત લેવાનો અને પોતાની મુશ્કેલીઓ વર્ણવવાનો અધિકાર છે. કચેરીના વડાની કચેરીમાં હાજરી અંગે નોટીસ પ્રદર્શિત કરવામાં આવશે.

૭. અસામાજિક પ્રવૃત્તિ, ગુનાખોરી, ગુનેગારા વિગેરે અંગેની માહિતી કચેરીના વડાને આપશે તો તે બાતમી આપનાર વ્યકિતની અપેક્ષાએ તેમનું નામ ગુપ્ત રાખવામાં આવશે. ટેલીફોન, ફેકસ વિગેરે માધ્યમો દ્વારા મળેલા સંદેશાઓ ઉપર જરૂરી કાયદાની મર્યાદામાં કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

૮. પ્રજાજનોના સૂચનો હંમેશા આવકાર્ય રહેશે. સર્વ પ્રજાજનો, સ્વૈચ્છિક સંસ્થાઓ, અન્ય ખાતાના જાહેર સેવકો, અધિકારપત્રની બાબતોમાં તેના અમલ માટે સહકાર આપશે તેવી આશા છે.

**(એ) ફરીયાદ:**

ગુનાના બે પ્રકારના હોય છે:-

**(૧) કોગ્નીઝેબલ ગુનાઓ :-**

પોલીસ અધિકારના ગુનાને "કોગ્નીઝેબલ" ગુનો કહે છે. જેમાં ગુનાના આરોપીને વગર વોરંટે પકડવાની પોલીસને સત્તા હોય છે.

**(૨) નોન કોગ્નીઝેબલ ગુનાઓ:-**

પોલીસ અધિકાર બહારના ગુનાને "નોન કોગ્નીઝેબલ" ગુનો કહે છે. જેમાં પોલીસને કોર્ટના વોરંટ વગર ગુનાના આરોપીને પકડવાની સત્તા મળતી નથી.

**(૩) કોગ્નીઝેબલ ગુનાઓ ફરીયાદ :-**

પોલીસ સ્ટેશનનાં ઇન્ચાર્જ અધિકારીશ્રીને લેખિત કે મૌખિક રીતે આપી શકાય છે. મૌખિક ફરિયાદ એ જ વખતે લખીને ફરીયાદ કરનારને વાંચી સંભાળવી એમની સહી લેવામાં આવે છે અને તેની નકલ તેમને નિ:શુલ્ક આપવામાં આવે છે. આવી ફરિયાદની તપાસ કોર્ટની પરવાનગી બાદ જ પોલીસ કરી શકે છે.

**(૪) નોન કોગ્નીઝેબલ ગુનાની ફરીયાદ :-**

નોન કોગ્નીઝેબલ ગુનાની ફરિયાદ પણ પોલીસ સ્ટેશનમાં આપી શકાય છે. આવી ફરિયાદની નોંધ "નોન કોગ્નીઝેબલ રજીસ્ટર" માં કરવામાં આવે છે. પરન્તુ તેમાં ગુનો નોંધવામાં આવતો નથી. આવી ફરિયાદની તપાસ કોર્ટની પરવાનગી બાદ જ પોલીસ કરી શકે છે.

- દરેક કોગ્નીઝેબલ ગુનાની તપાસની શરૂઆત FIR થી થાય છે. જે Cr.P.C. કલમ ૧૫૪ મુજબની હોય છે.
- પોલીસ અધિકારનો કોઇ ગુનો થયેલ હોય તો તે અંગેની ખબર પોલીસ સ્ટેશનના ઇન્ચાર્જ અધિકારીને જો મૌખિક રીતે આપવામાં આવે તો પણ તે લખી શકશે તેમજ પોતાની દેખરેખ નીચે લખાવી શકશે અને ખબર આપનારને વાંચી સંભાળવશે. અને એવી દરેક લેખિત કે લખી લેવાયેલ ખબર ઉપર ખબર આપનારને સહી કરવાની રહેશે.
- ફરીયાદ ખાસ કરીને ભોગ બનનાર અગર તો બનાવ બન્યો હોય ત્યાર તો વ્યકિત અગર તો ભોગ બનનારના સંબધી અથવા મિત્ર કે જે આ બનાવ વિશે જાણતા હોય તેવી વ્યકિતએ ફરિયાદ કરવી જોઇએ.
- ઘણા કિસ્સાઓમાં બિનવારસી લાશ મળે અને તેમાં ગુનાહિત મૃત્યુ હોય તેવા સંજોગોમાં અથવા બનાવ સ્થળે પોલીસ સિવાય બીજા કોઇ ફરિયાદી હાજર ન હોય તેવા સંજોગોમાં પોલીસ ફરિયાદી બને છે.
- ફરિયાદ પોલીસ સ્ટેશનમાં પી.એસ.ઓ.ને અગર તો બનાવ સ્થળે હાજર પોલીસ સ્ટેશનનાં ઇન્ચાર્જ અધિકારીને સ્થળ પર પણ આપી શકાય છે.

**ફરિયાદીએ ધ્યાનમાં રાખવાની બાબતો.:-**

(૧) બનાવ બન્યા બાદ તુરત જ નજીકના પોલીસ સ્ટેશને જઇ ફરિયાદ આપવી જોઇએ.

(૨) જો ખબર હોય તો ફરિયાદમાં બનાવનું કારણ તથા હેતુ જણાવવો.

(૩) બનાવ અંગે સત્ય હકીકત જ જણાવવી અને બનાવ વખતે હાજર સાક્ષીઓની જાણકારી હોય તો તે પણ જણાવવી. (૪) બનાવવાળી જગ્યાએ પોલીસ આવે ત્યાં સુધી જે તે હાલતમાં જાળવી રાખવી.

(૫) ફરિયાદ લખાઇ ગયા બાબત ફરિયાદ દાખલ કરનાર અધિકારીએ વિનામૂલ્યે આપવાની રહે છે.

(૬) ફરીયાદની નકલ ફરિયાદીને ફરિયાદ દાખલ કરનાર અધિકારીએ વિનામૂલ્યે આપવાની રહે છે.

(૭) જો ફરિયાદીએ જાણી જોઇને દ્વેષ બુધ્ધિથી ખોટી ફરિયાદ લખાવેલ હોવાનું જણાય તો કોર્ટમાં "બી" ફાઇનલની માંગણી કરી ફરિયાદી વિરૂધ્ધમાં કોર્ટ રાહે પગલા લેવાની પણ કાર્યવાહી પોલીસ કરી શકે છે.

**(બી) તપાસ:-**

કોગ્નીઝેબલ ગુનો નોંધાયા બાદ પોલીસ અધિકારી દ્વારા તુરત જ તપાસ શરૂ કરવામાં આવે છે. જેમાં બનાવવાળી જગ્યાનું પંચનામુ તથા કેસને લગતા સાહેદનાં નિવેદનો તેમજ અમુક કિસ્સાઓમાં ફોરેન્સીક એક્ષ્પર્ટની મદદ મેળવી ફરિયાદ મુજબે પુરાવા એકઠા કરી જો આરોપી ગુનેગાર હોવાનું જણાય તો કોર્ટમાં ચાર્જશીટ કરવામાં આવે છે. અને જો

ફરિયાદની હકીકત પ્રમાણેનાં પુરાવા ન મળે કે આરોપી શોધી શકાય તેમ ન હોય ફરિયાદ ખોટી જણાય કે હકીકત દિવાની પ્રકારની જણાય તો તેવા સંજોગોમાં તપાસ કરનાર અધિકારી તરફથી સમરી માંગવામાં આવે છે.

(અ) વર્ગ ''એ'' સમરી:-

નજીકના ભવિષ્યમાં આરોપી ન મળી આવે તેવી શકયતા હોય ત્યારે.

(બી) વર્ગ ''બી'' સમરી:-

ખોટી ફરિયાદ હોય ત્યારે.

(ક) વર્ગ ''સી'' સમરી:-

હકીકતની ભૂલનાં કારણે ફરિયાદ થયેલ હોય કે તપાસના અંતે હકીકત દિવાની પ્રકારની જણાય ત્યારે.

(ડ) વર્ગ ''એન.સી.'' સમરી:-

તપાસના અંતે " **નોન કોગ્નીઝેબલ**" પ્રકારનો ગુનો બનેલ હોવાનું જણાય ત્યારે.

(૧) ગુનો દાખલ થયા બાદ દિન-૧૪ સુધીમાં ગુનાની તપાસ પૂર્ણ કરવાની હોય છે. પરન્તુ કેટલાક ગુનાની તપાસ આ સમય મર્યાદામાં પૂર્ણ ન થાય ત્યારે ઉપરી અધિકારી પાસેથી વધુ મુદત માંગીને તપાસ ચાલુ રાખવામાં આવે છે.

(૨) Cr.P.C. કલમ ૧૭૩(૧)(બ) હેઠળ તપાસ પૂર્ણ થયા બાદ ફરિયાદીને તપાસનું અંતિમ પરિણામ જણાવવામાં આવે છે.

(૩) જો તપાસ કરના અધિકારીના નિર્ણયથી ફરિયાદીને સંતોષ ન હોય તો પોલીસ કમિશ્નરશ્રી કે નાયબ પોલીસ કમિશ્નરશ્રી કે સંબંધિત મેજિસ્ટ્રેટશ્રીને રજુઆત કરી શકે છે.

(૪) તપાસ અર્થે ૧૫ વર્ષથી ઓછી ઉમરના પુરૂષ (બાળક)ને અગર કોઇપણ ઉમરની સ્ત્રીને તેના રહેવાના સ્થળે જ હાજર રહેવા અંગે તપાસ કરનાર અધિકારી ફરમાવી શકે છે.

**(સી) ધરપકડ:-**

**પોલીસ બે રીતે ધરપકડ કરી શકે છે:-**

(૧) વોરંટ વગર.

(૨) વોરંટથી.

- Cr.P.C. કલમ ૪૧ (૨) હેઠળ પોલીસ વગર વોરંટે પકડવાનો અધિકાર ધરાવે છે.
- કોગ્નીઝેબલ ગુનામાં સુલેહ ભંગ બદલ સી.આર.પી.સી. ની કલમ ૧૫૧ હેઠળ વગર વોરંટે ધરપકડ કરવાની સત્તા ધરાવે છે.
- કોઇપણ વ્યકિત સંબંધના નામદાર કોર્ટે ઇસ્યુ કરેલ ધરપકડ વોરંટ આધારે પણ પોલીસ ધરપકડના અધિકાર ધરાવે છે. જેમાં જામીનપાત્ર વોરંટ હોય તો વોરંટની શરતો પ્રમાણે તે જામીન ઉપર મુકત થવા અધિકૃત છે. અને બિન જામીનપાત્ર વોરંટ હેઠળ ધરપકડ કરાયેલ ઇસમને ૨૪ કલાકની અંદર વોરંટ ઇસ્યુ કરનાર કોર્ટ સમક્ષ રજુ કરવાનો રહે છે.
- વગર વોરંટે ધરપકડ કરવામાં આવેલ ગુનેગાર કે વ્યકિતને ૨૪ કલાકમાં જે તે હકુમત ધરાવતી કોર્ટ સમક્ષ રજુ કરવાનો હોય છે.
- જો ગુનો જામીન લાયક હોય તો તપાસ પુરી થયે પકડાયેલ આરોપીને યોગ્ય જામીન રજુ થયેથી જામીન પર મુકત કરવાના રહે છે.
- ગુનામાં ધરપકડ કરાયેલ વ્યકિતને ૨૪ કલાકમાં નામદાર કોર્ટ સમક્ષ રજુ કરવાના હોય છે. જો અન્વેષણ અર્થે આરોપીને ૨૪ કલાક કરતાં વધુ સમય માટે પોલીસ કસ્ટડીમાં રાખવાનો હોય તો કોર્ટની પરવાનગી લઇને રાખી શકાય છે.
- નામદાર સુપ્રિમ કોર્ટે આપેલ સુચના પ્રમાણે કોઇપણ વ્યકિતની ધરપકડ થાય ત્યારે તેને શા માટે પકડવામાં આવેલ છે તેની જાણ કરવાની રહે છે. તેમજ અટક મેમો ઉપર પકડાયેલ વ્યકિતની સહી લેવાની હોય છે. પકડાયેલ વ્યકિતના સગા સંબધીને તાત્કાલિક ધરપકડ બાબતે જાણ કરવાની રહે છે. શહેરમાં દરરોજ પકડાયેલ બધી વ્યકિતઓનું નામ સીટી કંટ્રોલરૂમ તેમજ સ્ટેટ કંટ્રોલરૂમમાં ઉપલબ્ધ હોય છે. દર ૪૮ કલાકે રિમાન્ડ દરમ્યાન અટકાયતીની ફરજિયાત મેડીકલ ચકાસણી તપાસ કરનારે કરવાની રહે છે. રિમાન્ડ

દરમ્યાન અટકાયતીની ફરજિયાત મેડીકલ ચકાસણી તપાસ કરનારે કરવાની રહે છે. રિમાન્ડ દરમ્યાન મેજિસ્ટ્રેટશ્રીની પરવાનગી મેળવ્યા પછી જ અટકાયતીને હાથકડી અને રસ્સી લગાડી શકાય છે.

**(ડી) જડતી:-**

સી.આર.પી.સી.ના પ્રકરણ ૭ માં જડતી અંગેની સત્તા આપવામાં આવેલ છે. જે જોગવાઇઓ કલમ ૯૩, ૯૪, ૯૫, ૯૬, ૯૭, ૯૮, ૯૯, ૧૦૦, ૧૦૧, ૧૦૨ માં આપવામાં આવે છે. તે મુજબ વોરંટથી કે ઠરાવથી જડતી કરી શકાય છે.

જયારે કોઇ મહીલા આરોપીની ધરપકડ કરવામાં આવી હોય ત્યારે તેણીની અંગ ઝડતી મહિલા પોલીસ પાસે જ કરાવવાની હોય છે. કોઇપણ મહિલા આરોપીને પોતાની અંગ ઝડતી મહિલા પોલીસ પાસે કરાવવાનો અધિકાર છે.

**(ઇ) મુદ્દામાલ કબજે લેવા અંગે :-**

કેટલાક ગુનાઓમાં ગુનાવાળી જગ્યાએથી તેમજ મિલ્કત વિરૂધ્ધના ગુનામાં ચોરીએ ગયેલ મુદ્દામાલ કબજે લેવાની પોલીસ સત્તા ધરાવે છે. જે અંગે મુદ્દામાલ પાવતીમાં નોંધ કરવાની હોય અને મુદ્દામાલ પાવતીની એક નકલ જેના પાસેથી કબજે લીધેલ હોય તેને આપવાની હોય છે.

**(એફ) અરજીની તપાસ :-**

અરજદાર પોતાની અરજી પોલીસ સ્ટેશન અગર પોલીસ ચોકી અગર આઉટ પોસ્ટમાં અગર ઉપરી અમલદારશ્રીને આપી શકે છે.

અરજીની તપાસ અંગે કાંઇ અસંતોષ હોય તો મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી અગર નાયબ પોલીસ કમિશ્નરશ્રી અગર પોલીસ કમિશ્નરશ્રીને રજુઆત કરી શકે છે.

- અરજદારે આપેલ અરજીની પહોંચ મેળવવા અરજદાર હકકદાર છે.
- સામાન્યતઃ અરજીની તપાસ ૭ દિવસમાં પૂર્ણ કરી નાખવાની હોય છે. જો તપાસ માટે વધુ દિવસોની જરૂયાત હોય તો તપાસ કરનાર અમલદારે ઉપરી અમલદારશ્રીની પરવાનગી લેવાની હોય છે.

**ફરિયાદ ના લેવામાં આવે તો શું કરવું ?**

ફરિયાદીએ ફરિયાદ નોંધાવવા માટે જો પોલીસ સ્ટેશનના ઇન્ચાર્જ અધિકારી ના પાડે તો Cr.P.C. ની કલમ ૧૫૪ મુજબ તેમનાથી નારાજ થયેલ વ્યકિત તે માહિતીની પોલીસ કમિશ્નરશ્રી જે તે વિસ્તારના ઉપરી અધિકારીને લખીને ટપાલ મારફતે કે રૂબરૂ રજુઆરત કરી શકશે. જો માહિતીથી કોગ્નીઝેબલ ગુનો બનતો હોય તો પોલીસ અધિકારી ગુનો દાખલ કરાવી તપાસ કરશે. અને ફરીયાદ ન લેવા બદલ જવાબદાર અધિકારી / કર્મચારી સામે શિક્ષાત્મક પગલાં લેવાની કાર્યવાહી થઇ શકે છે.

**પોલીસ કમિશ્નરશ્રીને કરવામાં આવેલ અરજીનો નિકાલ કેવી રીતે થાય છે ?**

પોલીસ કમિશ્નરશ્રીના વિસ્તારની અંદર નાગરિકોને અલગ અલગ મુશ્કેલી, તકલીફો તથા પ્રશ્નો ઉદભવતા હોય છે. જેના નિકાલ માટે તેઓ પોલીસ ખાતા પાસે અપેક્ષા રાખે છે. આથી નાગરિકો તરફથી આવતી અરજીઓ ઉપર યોગ્ય ધ્યાન આપી ઝડપી નિકાલ માટે નીચે પ્રમાણેની પ્રધ્ધતિ અપનાવવામાં આવે છે.

**અરજીની પ્રાથમિક તપાસ અને ફાળવણી :-**

(૧) પોલીસ કમિશ્નરશ્રીની કચેરીએ મળતી અરજીઓ નાગરિકો સરકારશ્રી કે પોલીસ મહાનિર્દેશકશ્રી તરફથી આવે તેવી તમામ અરજીઓ પોલીસ કમિશ્નરશ્રી વંચાણે લઇ નિર્ણય લેશે કે કોણ તપાસ કરશે. અને ત્યારબાદ કે તે વિસ્તારના અધિક પોલીસ કમિશ્નરશ્રીને મોકલી આપવામાં આવે છે. જેઓ પોતાની વિવેક બુધ્ધિથી અરજીઓની કક્ષા અનુસાર અરજીઓ તેઓના તાબા હેઠળના નાયબ પોલીસ કમિશ્નરશ્રી તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓને પોતાની રીમાર્કસ સાથે જે તે અધિકારશ્રીને જાત તપાસ કરવા મોકલી આપવામાં આવે છે.

(૨) પોલીસ કમિશ્નરશ્રીને રૂબરૂમાં મળેલ અરજીઓ ઉપર પોલીસ કમિશ્નરશ્રીના પોતાના રિમાર્કસ સાથે ઉપરોકત મુદ્દા ૧ માં દર્શાવ્યા પ્રમાણે જે તે અધિકારીશ્રીને જાત તપાસ માટે મોકલવામાં આવે છે અને તે અંગેનો વિગતવાર સમયાંતરે અહેવાલ મેળવવામાં આવે છે.

(૩) અરજીઓની કક્ષા અનુસાર જે અરજીઓ પો.સ્ટે. માં મોકલવામાં આવે છે તેવી અરજીઓ પો. ઇન્સ. પોતે અથવા તો તેમના કર્મચારી ધ્વારા જાત તપાસ કરાવવામાં આવે છે. જો કિસ્સામાં નાયબ પોલીસ કમિશ્નરશ્રી અને મદદનીશ પો. કમિશ્નરશ્રી નીચે પો.ઇન્સ.શ્રીને જાત તપાસ આપી હોય તેવી અરજીઓની જાત તપાસ પો.ઇન્સ.જાતે કરે છે.

(૪) અરજીઓ નનામી અથવા ખોટી નામથી આવે તો સામાન્ય રીતે દફતરે કરવામાં આવે છે. પરન્તુ આ અરજીમાં નશાબંધી અથવા જુગાર કે કોઇ ચોકકસ ગુનાની માહિતી હોય તો તેની તપાસ કરવામાં આવે છે. તેમજ કેટલીક વખત કોઇ પોલીસ અધિકારી કે કર્મચારી વિરૂધ્ધ વિવિધ પ્રકારના આક્ષેપો બાબતે અરજી હોય અને નનામી કે ખોટા નામની હોય અને તેમાં તથ્ય જણાતુ હોય તેવી અરજીઓની તપાસ માટે અધિક પોલીસ કમિશ્નરશ્રી નિર્ણય લઇ નાયબ પોલીસ કમિશ્નશ્રીને મોકલી આપે છે.

**અરજીઓનો પ્રકાર અને તપાસ કરવાની રીત:-**

સામાન્ય રીતે અરજદાર જયારે પો.સ્ટે.માં જાય અને ફરિયાદ કે અરજી આપે ત્યારે તેને કલમ ૧૫૪ હેઠળ ફરિયાદીનું રૂપ મળે છે. ફોજદારી કામ ચલાવવાની રીતે ૧૯૭૩ના પ્રકરણ ૧૨ માં જણાવવામાં આવેલ છે તે રીતે અને પધ્ધતિથી કરવામાં આવે છે.

**અરજીઓ ત્રણ ભાગમાં વહેંચવામાં આવે છે.:-**

(અ) ભારતીય ફોજદાર ધારા પ્રકરણ ૧૬ એટલે કે શરીર વિરૂધ્ધના ગુનાના નિર્દેશ બાબતની.

(બ) ભારતીય ફોજદારી ધારા પ્રકરણ ૧૭ એટલે કે મિલ્કત વિરૂધ્ધ ગુનાના ઉલ્લેખ બાબતની.

(ક) અન્ય અરજીઓ:-

પો.સ્ટે.માં આ ત્રણમાં દર્શાવેલ અરજી બાબતે ગુજરાત પોલીસ મેન્યુઅલ ભાગ-૩ નિયમ ૧૧૩ (૧૨)ની જોગવાઇને આધિન રહી પ્રાથમિક તપાસની જરૂર છે તેવા કિસ્સામાં (અ) માં જણાવેલ અરજી બાબતે ૨૪ કલાકમાં (બ)માં જણાવેલ અરજી બાબતે ૪૮ કલાકમાં અને (ક)માં જણાવેલ અરજી બાબતે દિન ૭ માં જવાબદાર અધિકારી પાસે પ્રાથમિક તપાસ કરાવી અહેવાલ મેળવવામાં આવે છે અને ત્યારબાદ કાર્યવાહી કરવામાં આવે છે.

(૨) ઉપરી અધિકારી તરફથી આવતી અરજીનો નિકાલ દિન ૧૫ ની અંદર કરવામાં આવે છે.

(૩) અરજદાર તરફથી આવેલ અરજીનો નિકાલ થાય છે તેની જાણ તથા તે પરત્વે કરવામાં આવેલ કાર્યવાહી સંબંધમાં અરજદારને જાણ કરવામાં આવે છે.

## પોલીસ કંટ્રોલ રૂમ

**કાર્યપધ્ધતિ :-**

પોલીસ કંટ્રોલ રૂમ પોલીસ કમિશ્નરશ્રી સુરત શહેરની સીધી દેખરેખ/દોરવણી હઠેળ સતત ૨૪ કલાક કાર્યરત રહે છે.પોલીસ અધિકારી/માણસો પણ શીફટ મુજબ હાજર રહી ફરજ નિભાવે છે. પોલીસ કંટ્રોલરૂમને જાહેર જનતાની સરળતા રહે તે ઉદ્દેશ્યથી ઈમરજન્સી ૧૦૦ નબંર ફાળવવામા આવેલ છે. આમ જનતા પોતાને પડતી મુશ્કેલીઓ તેમજ ગંભીર પ્રકારના બનાવો જેવા કે આગ, અકસ્માત, ચોરી, લુંટ, અકમાત મૃત્યુ વિગેરે બનાવો અંગે પોલીસ કંટ્રોલરૂમને બારોબાર માહિતી આપી શકે છે.

**આમ જનતા તરફથી ટેલીફોન નંબર 100 ઉપર મળેલ માહિતી અંગેની કાર્યવાહી :-**

જયારે પણ કોઈપણ નાગિરક કોઈપણ બનાવ અંગે ટેલિફોન નંબર ૧૦૦ ઉપર કંટ્રોલરૂમનો સંપર્ક કરી માહિતી લખાવે તે કિસ્સામાં સામાનય રીતે માહિતી આપનારનું નામ સરનામું ટેલિફોન/મોબાઈલ નંબર તેમજ બનેલ બનાવ અંગેની ટુંક માહિતીની નોંધ માહિતી સ્લીપમાં નોંધવામાં આવે છે.

આવી માહિતી સ્લીપ કંટ્રોલરૂમ ઈન્ચાર્જ પાસે રજુ કરી તે સબંધે કરવામાં આવનાર કાર્યવાહી અંગે યોગ્ય હુકમ મેળવવામાં આવે છે અને તે આધારે જે તે બનાવ સ્થળની નજીકમાં નજીકની પોલીસ મોબાઈલ અગર પી.સી.આર.ને બનાવ સ્થળે રવાના કરવામાં આવે છે. ગંભીર બનાવ પ્રસંગે જે તે પોલીસ સ્ટેશનના પો.ઈન્સ./એ.સી.પી./ડી.સી.પી.શ્રીને પણ કરી તાત્કાલીક બનાવ સ્થળે રવાના કરી કાયદેસરની કાયર્વાહી કરવા સચુના કરવામાં આવે છે. બનાવ સબંધે જે તે અધિકારી તરફથી જે કંઈ કાર્યવાહી કરવામાં આવેલ હોય તેની પણ જે તે અધિકારી કંટ્રોલરૂમને કરે છે. જેની નોંધ માહિતી સ્લીપમાં કરવામાં આવે છે. મોટે ભાગે તમામ માહિતી અંગે જે તે વખતે ત્વરીત કાર્યવાહી કરવામાં આવે છે. કંટ્રોલરૂમ તરફથી કાર્યવાહી ન થાય તે સંજોગોમાં જેતે નાગરીક પોલીસ કમિશ્નરશ્રીને તે અંગેની લેખીત કે મૌખિક ફરીયાદ ટેલિફોન/ટપાલ/ફેકસ મારફતે કરી શકે છે તેમજ રૂબરૂ રજુઆત પણ કરી શકાય છે.

## પી.સી.આર.વાન માટે પોલીસ કંટ્રોલરૂમની કામગીરી

(૧) પી.સી.આર.વાનનું સમગ્ર સંચાલન કંટ્રોલરૂમના હસ્તક રહેશે. સમય સંજોગોને અનુલક્ષીને જરૂર જણાય તે મુજબની અસરકારક કામગીરી પી.સી.આર.વાન પાસેથી લેવાની રહેશે.

(૨) કાયદો અને વ્યવસ્થાની પરીસ્થિતીની જાળવણી તેમજ ગુન્હાને લગતી કામગીરી તેમજ રેડએલર્ટ/ નાકાબંધીને લગતી કામગીરી અંગે પી.સી.આર.વાનનો મહત્તમ ઉપયોગ કરવાનો રહેશે. પેટ્રોલીંગની ફરજ પણ લેવાની રહેશે. પી.સી.આર.વાન ઇન્ચાર્જ તથા માણસો બરાબર ફરજ બજાવે છે કે કેમ? તે બાબતે સુપરવિઝન રાખવાનું રહેશે.

પી.સી.આર.વાનમાં રાખવામાં આવતા સાધનો અંગેનું રજિસ્ટર, લોગબુક, રેકર્ડ વ્યવસ્થિત નિભાવવામાં આવે છે કે કેમ? તેનું સુપરવિઝન રાખવું તથા દર કલાકે સંદેશાઓની તેમજ કામગીરી અંગેની માહિતીની જાળવણી કરવાની રહેશે.

પી.સી.આર.વાનના ઇન્ચાર્જ/ માણસોની ક્ષતિ બદલ ના.પો.કમિ.શ્રી,ઝોન-રનાઓને રીપોર્ટ કરવાનો રહેશે.

(૩) પી.સી.આર.વાનમાં પુરતા સાધન સામગ્રી દારૂગોળો વિગેરે છે કે કેમ? તેની ચકસણી કરી પુરતા સાધનો સબંધીત કચેરી મારફતે પુરા પાડવાના રહેશે.

નોંધ:- તમામ ACP/ DCPશ્રીઓ પોત પોતાના વિસ્તારની પી.સી.આર.વાનના કર્મચારીઓને રાત્રી/દિવસ દરમ્યાન ચેક કરશે અને કોઇ ક્ષતિ બદલ કંટ્રોલરૂમને જાણ કરશે.

સમય સંજોગોને અનુલક્ષીને જરૂર જણાયે તે મુજબની અસરકારક કામગીરી મોબાઇલ વેન પાસેથી લેવાની રહેશે.તથા આ મોબાઇલોની તમામ નોંધો નું પત્રક નિભાવવાનું રહેશે.

સુરત શહેર ખાતે કાર્યરત કરવામાં આવેલ પી.સી.આર.વાનને રૂટ આપવામાં આવેલ છે તથા તેને પેટ્રોલીંગ માટેના અગત્યના વિસ્તાર પણ આપવામાં આવ્યા છે. આપેલા રૂટ પર પેટ્રોલીંગની ફરજ બજાવશે.

પી.સી.આર.વેન નં. ૧ થી ૧૭ સુધીના મુખ્ય નવા બેઝ પોઈન્ટો તથા અન્ય પેટ્રોલીંગના બેઝ પોઈન્ટોનુ પત્રક બનાવી આ સાથે સામેલ રાખી મોકલેલ છે જે અનુસાર જે તે પી.સી.આર.વેને મુખ્ય બેઝ પોઈન્ટ ઉપર રીલીફ કરવી અને બાકીના અન્ય પોઈન્ટો ઉપર પેટ્રોલીંગ ફરવાનું છે. પી.સી.આર.ની કામગીરી બાબતે અગાઉ પણ સુચનાઓ કરી છે. તેમ છતાં તેમાં અસરકારતા જોવા આવતી ન હોવાના કારણે તેમના બેઝ પોઇન્ટ તથા પેટ્રોલીંગ વિસ્તારમાં સામન્ય ફેરફાર કરી પત્રક બનાવવામાં આવેલ છે. અને તેની કામગીરીમાં સુધારો થાય અને અસરકારકતા આવે તે માટે સુપરવિઝન મોનીટરીંગ અને ચેકીંગ વ્યવસ્થા પણ સદર વિસ્તારના અધિકારીશ્રીઓને સૂચના આપવામાં આવે છે.

(૧) પી.સી.આર.વાનની કામગીરી પ્રજા લક્ષી હોવી જોઇએ.
(૨) પી.સી.આર.વાન પ્રજામાં દેખાય તે રીતે હોલ્ટીંગ પોઇન્ટ ઉપર હોવી જોઇએ.
(૩) હોલ્ટીંગ પર જઈને ઉભા રહે ત્યારે ઓપરેટર અને ડ્રાઈવર સિવાય બાકીના માણસો ગાડીની બહાર હથિયાર લઈ દેખાય તે રીતે ઊભા રહેવુ.
(૪) પી.સી.આર.વાન હોલ્ટીંગ કરી તેમના રૂટના અન્ય પોઇન્ટ ઉપર પેટ્રોલીંગ ફરશે.
(૫) કંટ્રોલરૂમ તરફ થી મેસેજ આપવામાં આવે તો તે એટેન્ડ તાત્કાલીક કરવાનો રહેશે.
(૬) પી.સી.આર.વાન કંટ્રોલરૂમના આદેશ સિવાય પોતાનો રૂટ આપમેળે બદલશે નહી.
(૭) આપમેળે રૂટ બદલશે તો તેમના ઇન્ચાર્જ વિરૂધ્ધ પગલા લેવામાં આવશે.
(૮) કંટ્રોલરૂમ તે પી.સી.આર.વાનના ઇન્ચાર્જ વિરૂધ્ધ પગલા લેવા માટે ઇન્ચાર્જ ના.પો.કમિ.શ્રી કંટ્રોલરૂમને જાણ કરશે.
(૯) પી.સી.આર.વાનએ જે તે વિસ્તારમાં ભીંડભાડવાળા સ્થળોએ ખાસ હાજરી તથા પેટ્રોલીંગ રાખવું.

(૧૦) પી.સી.આર.વાન બે શીફટમાં કામ કરે છે તેથી કોઇપણ જગ્યાએ બીન જરૂરી પાર્ક નહી કરતાં ફરતાં રહેવાનું છે.
(૧૧) શીફટ બદલી કરવાની થાય ત્યારે રુટ પર જ બદલી કરવાની સૂચના છે.
(૧૨) પીક અર્વસ એટલે કે સવારના કલાક ૧૦:૦૦ થી કલાક ૧૪:૦૦ તથા કલાક ૧૬:૦૦ થી કલાક ૨૦:૦૦ ના સમયે હોલ્ટીંગ પર જ હાજર રહેવું અને જરૂર પડે કંટ્રોલરૂમની સૂચના થી રૂટ પેટ્રોલીંગમાં જવું.
(૧૩) પો.સ્ટે.ના પો.ઇ.શ્રીઓ/પો.સ.ઇ.શ્રીએ પણ પી.સી.આર.વાનની સમયાંતરે ચેકીંગ કરવી અને તેમને કાર્યરત રાખવા.
(૧૪) ડીવીઝનના એ.સી.પી.શ્રીઓએ પણ અવાર નવાર ચેક કરી તેમની કામગીરી,હાજરી અને અગત્યતા બાબતે ચકાસણી કરતાં રહેવું.

(૧૫) પી.સી.આર. વાનની હાજરીમા કોઈ બનાવ બનતો હોયતો તે બનતો રોકવો, તેના માટે કંટ્રોલના હુકમની રાહ જોવાની જરૂર નથી. પાછળથી કંટ્રોલ ને જાણ કરવી.

(૧૬) ઝોનના ઇન્ચાર્જ ડી.સી.પી.શ્રીઓએ પણ પોતાના ઝોનના વિસ્તારની પી.સી.આર.વાનની અસરકારતા ચકાસવી તથા તેમની હાજરી અંગે પણ આકસ્મીક ચેકીંગ કરવું.

(૧૭) ટ્રાફીકના પો.ઈ.શ્રીઓએ પણ પી.સી.આર.વેનને તેમના સેકટર વિસ્તારમા ચેક કરવી.

(૧૮) પી.સી.બી./ડી.સી.બી./એસ.ઓ.જી. ના અધિકારીઓએ પણ સમયાંતરે પી.સી.આર. વાનનું ચેકીંગ કરવું અને તેઓને જરૂરી માર્ગદર્શન આપવું.

(૧૯) પી.સી.આર. વાન સમગ્ર શહેરમાં ફરતી રહે અને અગત્યના પોઇન્ટ ઉપર તેમની હાજરી રહેશે તો ગુન્હાખોરી ડામવામાં તેમજ કોઇ અનિચ્છનીય બનાવ રોકવામાં ઉપયોગી થશે તેથી તેનુ સુપરવિઝન મોનીટરીંગ અને ચેકીંગ અધિકારીશ્રીઓએ અવશ્ય કરવું.

(૨૦) એ.સી.પી.શ્રીઓ/ડી.સી.પી.શ્રીઓએ પી.સી.આર.વેનની સતર્કતા ચકાસવા હોક્સ (ડમી) કોલ આપવા.

(૨૧) એ.સી.પી.શ્રીઓ/ડી.સી.પી.શ્રીઓએ તેમની પો.સ્ટે. વિઝીટ દરમ્યાન પી.સી.આર.વેનને રૂબરૂ બોલાવી તેમની પાસેના સાધનોની ચકાસણી કરવી.

(૨૨) પો.સ્ટે.ના પી.સી.આર. વેનના રૂટમાં દર્શાવેલ વિસ્તાર સિવાય કોઈ વિસ્તાર નો સમાવેશ કરવા માંગતા હોયતો પો.ઈ.શ્રીએ એ.સી.પી.શ્રી, ડી.સી.પી.શ્રી મારફત રીપોર્ટ કરવો.

(૨૩) પોલીસ મોબાઈલ અને પોલીસ ફોર્સ ની મોબીલીટી પ્રજામાં સુરક્ષાની ભાવના ઉભી કરશે તેથી તે થાય તે ખાસ જોવું..

## <u>પી.સી.આર વેન</u>

ગત તા.૨૨/૦૩/૨૦૧૦ થી સુરત શહરે ખાતે પોલીસ કંટ્રોલરૂમની સીધી દેખરેખ હઠેળ તેમજ આદેશથી
પી.સી.આર.વેન
કાર્યરત કરવામાં આવેલ છે.

પી.સી.આર. જાન માત્ર કંટ્રોલરૂમની સુચના મુજબ જ કાર્યવાહી કરશે અને કંટ્રોલરૂમ તરફથી મળેલ હુકમ મુજબ જે તે સ્થળ પર પહોંચી કાયદો અને વ્યવસ્થાની જાળવણી કરશે. કોઇ મહત્વના/ગંભીર બનાવ પ્રસંગે સ્થાનિક પો.સ્ટે. ની મોબાઇલ પહોંચે ત્યાં સુધી જે તે સ્થળ પર હાજર રહી જરૂરી કાર્યવાહી કરશે. સ્થાનિક પો.સ્ટે. ની મોબાઇલો પહોંચેથી આગળની કાર્યવાહી જે તે મોબાઇલ ઇન્ચાર્જશ્રીને સોંપી તે અંગેની કંટ્રોરૂમને જાણ કરી કંટ્રોલરૂમના હુકમ મુજબ કામગીરી કરશે. અગર બેઝ પોઇન્ટ પર પરત આવી હાજર રહેશે.

આ પી.સી.આર.વેનમાં તાલીમ પ્રાપ્ત કર્મચારીઓ જેઓ આધુનિક હથિયારોથી સજ્જ તેમજ કોઈપણ પ્રકારની પરિસ્થિતિને પહોંચી વળવાની ક્ષમતા ધરાવે છે. કુદરતી તેમજ માનવસર્જિત આપત્તિઓ સામે લડત, આતંકવાદી પ્રવૃત્તિઓને પહોચી વળવા હથિયાર તેમજ સાધનોથી સુસજ્જ રહી કાયદો અને વ્યવસ્થાની જાળવણીમાં મદદરૂપ થાય છે.

પોલીસ કંટ્રોલરૂમનાં સીધા નિયંત્રણ હઠેળ રહી સતત ૨૪ કલાક નિર્દેસ્થિત બેઝ પોઈન્ટ ઉપર હાજર રહી ફરજ બજાવે છે. સુરત શહરેના <u>૨૬</u> પોલીસ સ્ટેશન વિસ્તારમાં કુલ <u>૬૦</u> પી.સી.આર.વેન કાર્યરત છે.

દરેક પી.સી.આર.વાનમાં એક અનાર્મ એ.એસ.આઇ.(પી.સી.આર.વાનના ઇન્ચાર્જ), એક અનાર્મ હે.કો., એક અનાર્મ પો.કો., એક આર્મડ પો.કો./લોકરક્ષક, એક ડ્રાઇવર પો.કો./હે.કો. રહેશે.
પી.સી.આર.વાનમાં નિમણૂંક પામેલ કર્મચારીઓએ નીચે જણાવ્યા મુજબની કામગીરી કરવાની રહેશે.

(૧) પી.સી.આર.વાન માત્ર અને માત્ર કંટ્રોલ રુમની સૂચના મુજબ જ કાર્યવાહી કરશે અને કંટ્રોલ રૂમ તરફથી મળેલ હુકમ મુજબ જે તે સ્થળ પર પહોંચી કાયદો અને વ્યવસ્થાની જાળવણી કરશે. કોઇ મહત્વના/ગંભીર બનાવ પ્રસંગે સ્થાનિક પો.સ્ટે.ની મોબાઇલ પહોંચે ત્યાં સુધી જે તે સ્થળ પર હાજર રહી જરૂરી કાર્યવાહી કરશે. સ્થાનિક પો.સ્ટે.ની મોબાઇલો પહોંચેથી આગળની કાર્યવાહી જે તે મોબાઇલ ઇન્ચાર્જશ્રીને સોંપી તે અંગેની કંટ્રોલ રૂમને જાણ કરી, કંટ્રોલ રૂમના હુકમ મુજબ કામગીરી કરશે અગર બેઝ પોઇન્ટ પર પરત આવી હાજર રહેશે.

(૨) પી.સી.આર.વાન રૂટ પર હાજર હોય ત્યારે તમામ કર્મચારીઓ સતર્ક રહેશે. ડ્રાઇવર વાન ઉભી હોય ત્યાં ડ્રાઇવીંગ સીટ ઉપર

હાજર રહેશે અને તમામ માણસો " રેડી ટુ ડ્રાઇવ" પોઝીશનમાં રહેશે.

(૩) કંટ્રોલ રૂમ તરફથી કોઇપણ સંદેશો મળેથી પી.સી.આર.વાન ઓછામાં ઓછા સમયમાં નિર્ધારીત સ્થળ પર પહોંચીને જરૂરી કાર્યવાહી કરશે.

(૪) પી.સી.આર.વાન રુટથી રવાના થવા તેમજ નિર્ધારીત સ્થળે પહોંચવા અંગેનો સમય તથા કરેલ કામગીરી અંગેની માહિતીની કંટ્રોલ રૂમને તુરતજ જાણ કરશે.

(૫) જ્યારે પેટ્રોલીંગ રાખવા અંગેની સુચના આપવામાં આવે ત્યારે પેટ્રોલીંગ દરમ્યાન વાહનની ગતિ ધીમી રાખશે અને વાહનના તમામ માણસો સતર્ક રહી શંકાસ્પદ વાહનો તથા વ્યક્તિઓ ઉપર ખાસ વોચ રાખશે.

(૬) તાકીદના/ આકસ્મીક/ અનિવાર્ય સંજોગોમાં પોતાના વિસ્તાર બહાર આવેલ વિસ્તારમાં જવા અંગે સુચના મળે ત્યારે તેને પણ ત્વરીત અમલ કરવાનો રહેશે અને સોપવામાં આવેલ કામગીરી કરવાની રહેશે.

(૭) અકસ્માતના સંજોગોમાં તુરંત સ્થળ ઉપર પહોંચી જઇ ઘાયલ લોકોને એમ્બ્યુલન્સ બોલાવી નજીકની હોસ્પીટલમાં પહોંચાડવાની કામગીરી કરવાની રહેશે.

(૮) રાયોટીંગ,માર્ગ અકસ્માત,આગ ધરતીકંપ ,મકાન ધસી પડવું તથા અન્ય કુદરતી હોનારત વખતે ધાયલ વ્યક્તિઓને નજીકના દવાખાને પહોંચાડવા કંટ્રોલ રૂમના આદેશથી પી.આર.વાન.નો ઉપયોગ કરી શકાશે.

(૯) પી.સી.આર.વાન કંટ્રોલરૂમની સુચના મુજબ જ કામગીરી કરશે. તેમ છતાં ખાસ કિસ્સામાં કાયદો અને વ્યવસ્થાના કામોમાં જો કોઇ ગુન્હો બનતો જણાતો હોય અગર ગુન્હો બનતો અટકાવવાની જરૂરીયાત ઉપસ્થિત થાય અગર અગત્યના ત્વરીત પગલા લેવાની જરૂરીયાત ઉપસ્થિત થાય તે સંજોગોમાં કંટ્રોલ રૂમના આદેશની રાહ જોયા વગર ત્વરીત ગતિ એ કામગીરી કરવાની રહેશે. દા.ત. કોઇ લુંટ, ધાડ ચીલ ઝડપ,ચેન સ્નેચીંગ કરીને ગુન્હેગાર નાસતો હોય અગર કોઇ ઇસમ દારૂ પીને ધમાલ કરતો હોય અગર જાહેરમાં લડાઇ ઝઘડો થતો હોય, અને ગંભીર ગુન્હો બનવાની શક્યતા હોય વિગેરે કિસ્સામાં કંટ્રોલરૂમના આદેશ વગર પણત્વરીત ગતિએ પોતાની વિવેક બુધ્ધિથી કામગીરી કરશે અને તે અંગે કંટ્રોલરૂમ તથા સ્થાનિક પોલીસને જાણ કરવાની રહેશે.

(૧૦) પી.સી.આર.વાન ઇન્ચાર્જ સુરત શહેરના તમામ પોલીસ અધિકારીશ્રીઓના મોબાઇલ નંબર પો.સ્ટે.નો નંબર કંટ્રોલરૂમ, ફાયર બ્રીગેડ, એમ્બ્યુલન્સ સેવા, રેલવે સ્ટેશન,એરપોર્ટ,બસ સ્ટેન્ડના સંપર્ક નંબરોની યાદી હાથવગી રાખશે. તેમજ તેમના વિસ્તારમાં આવેલ અગત્યની બિલ્ડીંગ, કચેરીઓ,વાઇટલ ઇન્સ્ટોલેશન, શોપીંગ મોલ, મલ્ટીપ્લેક્સ સિનેમા, પ્રિન્ટ અને ઇલેક્ટ્રોનીક મીડીયાની કચેરી પોતાના વિસ્તામાં રહેતા મહાનુભાવો, જજ/ મેજીસ્ટ્રેટ વિગેરેના ઘરના સરનામાં તથા ટેલિફોન નંબર સહિતની વિગતો સાથે રાખશે.

તે ઉપરાંત પોતાના વિસ્તારમાં રહેતા હિસ્ટ્રીશીટર, નાસતા ફરતા આરોપી, ચોરીનો માલ રાખનાર, જાણીતા ગુન્હેગારો, સર્વેલન્સ હેઠળના ઇસમો, બુટલેગર તથા ગેમ્બલરની વિગતવાર માહિતી પણ સાથે રાખશે.

વધુમાં પોતાના વિસ્તારમાં આવેલ હોસ્પિટલ તથા સીનીયર સીટીઝનને લગતી માહિતી પણ સાથે રાખશે. જરૂર પડે તેનો યોગ્ય ઉપયોગ કરશે.

દરેક પી.સી.આર.વાનના શિફ્ટ ઇન્ચાર્જએ તેમના સ્ટાફ સહિત તમામ માણસોના નામ/ મોબાઇલ નંબરનું બદલી શકાય તેવું બોર્ડ બાનાવી પી.સી.આર.વાનની ડાબી બાજુએ સહેલાઇથી દેખાય તે રીતે લટકાવવાનું રહેશે.

## મોબાઇલ પેટ્રોલીંગ :-

સુરત શહેરના નાગિરકોના જાનમાલના રક્ષણ માટે ૨૫ પો.સ્ટે. વિસ્તારમાં કુલ ૫૯ મોબાઇલ ફરે છે. દરેક મોબાઇલમાં ૪ પોલીસ કર્મચારીઓ હોય છે. જે નીચે મુજબ છે.

૧. એ.એસ.આઈ./હે.કો. મોબાઇલ ઇન્ચાર્જ.

૨. અ.પો.કો. ગનમેન

૩. અ.પો.કો. ગનમેન

૪. અ.પો.કો. ઓપરેટર દરેક પાસે લાઠી અને હેલ્મેટ હોય છે.

## સુરત શહેરના પોલીસ સ્ટેશન વિસ્તારોમાં ફરતી મોબાઇલ પેટ્રોલીંગની વિગત નીચે મુજબ છે.

**અ.નં. પો.સ્ટે. મોબાઇલ કોલસાઇન કાર્યક્ષેત્ર :-.**

**રેન્જ-૧**

૧. વરાછા - ૧ - વરાછા પોલીસ સ્ટેશનનો સમગ્ર વિસ્તાર
વરાછા - ૨ - એ.કે.રોડ પોલીસ ચોકી, સરદાર ચોક પોલીસ ચોકી, લંબે હનુમાન પોલીસ ચોકીનો સમગ્ર વિસ્તાર
વરાછા – સ્ટુડન્ટ - માતાવાડી પોલીસ ચોકી અને લાભેશ્વર પોલીસ ચોકીનો વિસ્તાર

૨. કાપોદ્રા - ૧ – કાપોદ્રા પોલીસ સ્ટેશનનો સમગ્ર વિસ્તાર
કાપોદ્રા - ૨ - બરોડા પ્રિસ્ટેજ પોલીસ ચોકીનો સમગ્ર વિસ્તાર
કાપોદ્રા – સ્ટુડન્ટ - નાના વરાછા પોલીસ ચોકીનો સમગ્ર વિસ્તાર

૩. પુણા - ૧ – પુણા પોલીસ સ્ટેશનનો સમગ્ર વિસ્તાર
પુણા - સ્ટુડન્ટ – પુણા પોલીસ સ્ટેશનનો સમગ્ર વિસ્તાર

૪. સરથાણા – ૧ – સરથાણા પોલીસ સ્ટેશન સમગ્ર વિસ્તાર

૫. ઉધના - ૧ - ઉધના પોલીસ સ્ટેશનનો સમગ્ર વિસ્તાર
ઉધના - ૨ – ઉદ્યોગનગર પોલીસ ચોકી, ભાઠેના પોલીસ ચોકીનો સમગ્ર વિસ્તાર
ઉધના – ઈન્વે. - પટેલનગર પોલીસ ચોકી, બી.આર.સી. પોલીસ ચોકીનો સમગ્ર વિસ્તાર

૬. લિંબાયત - ૧ - પોલીસ સ્ટેશનનો સમગ્ર વિસ્તાર
લિંબાયત - ૨ - લિંબાયત પોલીસ ચોકી, એસ.કે.નગર પોલીસ ચોકીનો સમગ્ર વિસ્તાર
લિંબાયત - ૩ - ગોડાદરા પોલીસ ચોકી, ડીંડોલી પોલીસ ચોકીનો વિસ્તાર

૭. ડીંડોલી - ૧ - પોલીસ સ્ટેશનનો સમગ્ર વિસ્તાર

૮. મહિધરપુરા - ૧ - મહિધરપુરા પોલીસ સ્ટેશનનો સમગ્ર વિસ્તાર
મહિધરપુરા - ૨ – દિલ્હીગેટ પોલીસ ચોકી, લાલદરવાજા પોલીસ ચોકીનો વિસ્તાર
મહિધરપુરા – ઈન્વે. - હીરાબજાર પોલીસ ચોકી. ગલેમંડી પોલીસ ચોકીનો વિસ્તાર

૯. સલાબતપુરા - ૧ – સલાબતપુરા પોલીસ સ્ટેશનનો સમગ્ર વિસ્તાર
સલાબતપુરા - ૨ - ઉમરવાડા, ટેક્ષટાઈલ પોલીસ ચોકીનો વિસ્તાર
સલાબતપુરા – ઈન્વે – રૂસ્તમપુરા, ડી.કે.એમ. પોલીસ ચોકીનો વિસ્તાર

૧૦. ચોક - ૧ - ચોકબજાર પોલીસ સ્ટેશનનો સમગ્ર વિસ્તાર
ચોક - ૨ - વરીયાવી બજાર, સૈયદપુરા, લાલગેટ પોલીસ ચોકીનો વિસ્તાર
ચોક – ઈન્વે. - વેડરોડ, પંડોળ પોલીસ ચોકીનો વિસ્તાર

૧૧. લાલગેટ -૧ – લાલગેટ પોલીસ સ્ટેશનનો સમગ્ર વિસ્તાર

૧૨. કતારગામ - ૧ - કતારગામ પોલીસ સ્ટેશનનો સમગ્ર વિસ્તાર
કતારગામ - ૨ - ગુરૂકુલ, કતારગામ જી.આઈ.ડી.સી. પોલીસ ચોકીનો વિસ્તાર
કતારગામ- ઈન્વે. - પારસ, કોમ્યુનિટી હોલ પોલીસ ચોકીનો વિસ્તાર

૧૩. અમરોલી - ૧ - અમરોલી પોલીસ સ્ટેશનનો સમગ્ર વિસ્તાર
અમરોલી – સ્ટુડન્ટ - અમરોલી પોલીસ સ્ટેશનનો સમગ્ર વિસ્તાર

**રેન્જ-૨**

૧૪. અઠવા - ૧ – અઠવાલાઇન્સ પોલીસ સ્ટેશનનો સમગ્ર વિસ્તાર
અઠવા - ૨ – સગરામપુરા, રામપુરા પોલીસ ચોકીનો વિસ્તાર
અઠવા - ૩ - બડેખાંચકલા, વાડીફળીયા પોલીસ ચોકીનો વિસ્તાર

૧૫.	ઉમરા - ૧ - પીપલોદ પોલીસ ચોકી અને ડુમસ પોલીસ ચોકીનો સમગ્ર વિસ્તાર

ઉમરા - ૨ - ઘોડદોડ રોડ પોલીસ ચોકી, ઉધના મગદલ્લા પોલીસ ચોકી અને અલથાણ પોલીસ ચોકીનો સમગ્ર વિસ્તાર

ઉમરા - ૩ - પીપલોદ, ડુમસ પોલીસ ચોકીનો વિસ્તાર

૧૬.	ડુમસ – ૧ – ડુમસ પોલીસ સ્ટેશનનો સમગ્ર વિસ્તાર.

ડુમસ – ઇન્વે. - ડુમસ પોલીસ સ્ટેશનનો સમગ્ર વિસ્તાર

૧૭.	ખટોદરા - ૧ - ખટોદરા પોલીસ સ્ટેશનનો સમગ્ર વિસ્તાર

ખટોદરા - ૨ - ખટોદરા પોલીસ સ્ટેશનનો સમગ્ર વિસ્તાર

૧૮.	સચીન - ૧ - સચીન પોલીસ સ્ટેશન વિસ્તારનો સમગ્ર વિસ્તાર

સચીન – ઈન્વે. - ખરવાસા પોલીસ ચોકીનો સમગ્ર વિસ્તાર

૧૯.	સચીન જી.આઇ.ડી.સી.-૧ - સચીન જી.આઈ.ડી.સી. પોલીસ સ્ટેશનનો સમગ્ર વિસ્તાર

સચીન જી.આઇ.ડી.સી.-૨ - સચીન જી.આઈ.ડી.સી. પોલીસ સ્ટેશનનો સમગ્ર વિસ્તાર

૨૦.	પાંડેસરા - ૧ - પાંડેસરા પોલીસ સ્ટેશનનો સમગ્ર વિસ્તાર

પાંડેસરા - ૨ – પાંડેસરા ગુ. હા.બોર્ડ ચોકી વિસ્તાર.

પાંડેસરા – ઈન્વે. – ભેસ્તાન, જી.આઈ.ડી.સી.

૨૧.	રાંદેર - ૧ - રાંદેર પોલીસ સ્ટેશનનો સમગ્ર વિસ્તાર

રાંદેર - ૨ - બોરવાડા પોલીસ ચોકીનો સમગ્ર વિસ્તાર

રાંદેર - ૩ - હીદાયત નગર, તાડવાડી પોલીસ ચોકી વિસ્તાર.

૨૨.	જહાંગીરપુરા –૧- જહાંગીરપુરા પોલીસ સ્ટેશનનો સમગ્ર વિસ્તાર.

૨૩.	અડાજણ - ૧ - અડાજણ પોલીસ સ્ટેશનનો સમગ્ર વિસ્તાર

અડાજણ - ૨ - અડાજણ ગામ પોલીસ ચોકી વિસ્તાર

અડાજણ – સ્ટુડન્ટ - પાલ જકાતનાકા, સૌરભ પોલીસ ચોકી વિસ્તાર

૨૪.	ઇચ્છાપોર - ૧ – ઇચ્છાપોર પોલીસ સ્ટેશનનો સમગ્ર વિસ્તાર

ઇચ્છાપોર - ૨ - મોરાચોકી વિસ્તાર

ઇચ્છાપોર – ઈન્વે. - ભાઠા પોલીસ ચોકી વિસ્તાર

૨૫.	હજીરા - ૧ - હજીરા પોલીસ સ્ટેશનનો સમગ્ર વિસ્તાર

૨૬.	મરીન - ૧ - મરીન પોલીસ સ્ટેશનનો સમગ્ર વિસ્તાર

મરીન ઈન્ટર સેપ્ટર - ૧ - દરીયાઈ પેટ્રોલીંગ

મરીન ઈન્ટર સેપ્ટર - ૨ - દરીયાઈ પેટ્રોલીંગ

**વિશેષ નોંધ :-**

**પોલીસ કંટ્રોલરૂમ ખાતે** :-

પો.સ.ઇ./એ.એસ.આઇ. કક્ષાના અધિકારી મોબાઇલ પેટ્રોલીંગ ડીવીઝનના ઇન્ચાર્જ છે. નાગિરકો તરફથી જયારે મદદની માંગણી કંટ્રોલરૂમ ખાતે આવે છે ત્યારે અથવા તો કોઇ અઘટીત બનાવ બની જાય ત્યારે તેને પહોંચી વળવા જે તે વિસ્તારમાં મોબાઇલ રવાના કરવાની કાર્યવાહી કરે છે. કંટ્રોલરૂમ તરફથી જો સ્પષ્ટ સંદેશો ન હોય તો મોબાઇલ પોત પોતાના કાર્યક્ષેત્રમાં પોતાની રીતે પેટ્રોલીંગ કરતા હોય છે અને તેની દેખરેખ કંટ્રોલરૂમના પો.સ.ઇ. મોબાઇલ પેટ્રોલીંગ ડીવીઝન કરે છે. મોબાઇલ પેટ્રોલીંગ ડીવીઝનના પો.સ.ઇ. કંટ્રોલરૂમના ડયુટી ઓફિસર કે જે પોલીસ ઇન્સ્પેકટર કક્ષાના અધિકારી હોય છે. તેની દેખરેખ નીચે ફરજ બજાવે છે. મોબાઇલ સમયસર ન આવી હોય તો નાગિરકો ટેલીફોન નંબર ૨૨૪૧૩૦૧, ૨૨૪૧૩૦૨, ૨૨૪૧૩૦૩ ઉપર ડયુટી ઓફિસર અથવા તો પો.સ.ઇ. મોબાઇલ પેટ્રોલ ડીવીઝીનનો સંપર્ક સાધી શકે છે.

**ભારતીય ફોજદારી ધારાના પોલીસ અધિકારના જામીનલાયક ગુન્હાઓની યાદી:-**

**કલમમાં વિગત**

૧૨૯ રાજય સેવકે ગફલતથી પોતાની કસ્ટડીમાંના કોઇ રાજય કેદી કે યુધ્ધ કેદીને નાસી જવા દેવો.

૧૩૫ કોઇ અધિકારી સૈનિક, નાવિક કે વિમાનીની આશરો આપવો.

૧૩૬ નાસી ગયેલા અધિકારી, સૈનિક, નાવિક કે વિમાનીને આશરો આપવો.

૧૩૮ કોઇ અધિકારી સૈનિક, નાવિક કે વિમોનોને નાફારમાની કૃત્ય કરવાનું દુષ્પ્રેરણ કરવું જો તેના પરિણામે ગુનો કરવામાં આવે તો.

૧૪૦ પોતે સૈનિક, નાવિક કે વિમાની હોવાનું માનવામાં આવે એવા ઇરાદાથી સૈનિક, નાવિક કે વિમાનીનો પોશાક પહેરવો અથવા તે વાપરતો હોય તેવું ટોકાન રાખવું.

૧૪૩ કાયદા વિરૂધ્ધની મંડળીના સભ્ય હોવું.

૧૪૪ પ્રાણઘાતક હથિયારથી સજ્જ થઇને કાયદા વિરૂધ્ધની મંડળીમાં સામેલ થવું.

૧૪૫ કાયદા વિરૂધ્ધની મંડળીને વિખેરાઇ જવાનો હુકમ કરવામાં આવ્યો હોવાનું જાણવા છતા તેમાં ભળવું અથવા ચાલુ હતું.

૧૪૭ હુલ્લડ કરવું.

૧૪૮ પ્રાણઘાતક હથિયારથી સજ્જ થઇને હુલ્લડ કરવું.

૧૫૧ પાંચ કે તેથી વધુ વ્યકિતઓની કોઇ મંડળીને વિખેરાઇ જવાનો હુકમ થયા પછી જાણી જઇને તે મંડળીમાં ભળવું કે અથવા ચાલુ રહેવું.

૧૫૨ હુલ્લડ વિગેરે અટકાવવાનું કામ કરતા હોય, ત્યારે રાજય સેવક ઉપર હુમલો કરવો અથવા તો તેને અડચણ કરવી.

૧૫૩ હુલ્લડ કરવાના ઇરાદાથી નાહક ઉશ્કેરાટ પેદા કરવો, હુલ્લડ થાય તો, ન થાય તો.

૧૫૭ કાયદા વિરૂધ્ધની મંડળી માટે પૈસા આપવાના કરીને રાખેલ વ્યકિતઓને આશરો આપવો.

૧૫૮ કાયદા વિરૂધ્ધની મંડળીમાં કે હુલ્લડમાં ભાગ લેવા માટે પૈસા લેવાના કરીને રહેવું અથવા હથિયાર સજ્જ થઇને ફરવું.

૧૬૦ બેખેડો.

૧૬૭ ઇજા પહોંચડવાના ઇરાદાથી રાજય સેવક ખોટો દસ્તાવેજ ઘડવો.

૧૭૧ રાજયસેવક પહેરતો હોય તેવો પોષાક, કપટી ઇરાદાથી પહેરવો અથવા તે રાખતો હોય તેવું, ટોકન રાખવું.

૧૭૧-છ ચુંટણીમાં ખોટું નામ રાખવા.

